જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૦/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૭૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૯	૦	૧૧૭૦૯	૧૭૮૧૯	૦	૧૭૮૧૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૭	૦	૧૧૭	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૩૨૦૧	૨૮	૭૩૨૨૯	૭૪૨૪૨	૩૭	૭૪૨૭૯
કુલ		૮૯૭૬૦	૨૮	૮૯૭૮૮	૯૮૭૩૬	૩૭	૯૮૭૭૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૨	૪,૪૬,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૧૨	૪,૧૨,૦૦૦/-

ચીલઝડપના ગુનાના આરોપીની અટકાયતની વિગત

એલ.સી.બી.ઝોન-૧

વાડજ પોલીસ સ્ટેશનનો ચિલઝડપનો ગુનો ડીટેક્ટ કરતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ઝોન-૧ પો સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા મ.સ.ઇ જીવણભાઇ મેઘજીભાઇ બ.નં-૭૫૫૦ તથા મ.સ.ઇ રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા અ.હેડ.કોન્સ મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કોન્સ દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ મહિપતસિંહ બ.ન-૧૦૨૧૨ તથા પો.કોન્સ પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ નાઓ સાથે ઝોન-૧ વિસ્તારમાં મોબાઇલ ચોરી તેમજ ચિલઝડપના ગુનાઓ તેમજ અન્ય મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ મિલ્કત સબંધી ગુનાઓ તથા નાસતા/ફરતા આરોપીઓ શોધવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કોન્સ દિપકકુમાર ઇશ્વરભાઇ તથા મ.સ.ઇ રેવાભાઇ હમીરભાઇ નાઓની સયુંકત બાતમી આધારે આરોપી નામ શાહીદ ઉર્ફે દાઉદ સ/ઓફ મુનાવરહુસૈન જાતે સૈયદ ઉવ-૨૪ ધંધો-મજુરીકામ રહે-મ.નં-આઇ-૧૨૩ સંકલિત નગર એસ.એસ.પાન પાર્લરની પાછળ જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેરનાઓ પાસેથી વીવો કંપનીનો વાય-૨૧ મોડલનો મોબાઇલ જેની કિમત રૂ-૧૪,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી પકડી પાડી વાડજ પોલીસ સ્ટેશન પાર્ટ "એ" ૧૧૧૯૧૦૨૩૨૧૧૯૦૫ /૨૦૨૧ ની ઇ.પી.કો કલમ ૩૭૯(એ),(૩),૧૧૪ મુજબનો ગુનો ડીટેક્ટ કરી પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત વાડજ પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

તા.૨૭/૧૦/૨૦૨૧



પ્રોહી.ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

એલ.સી.બી.ઝોન-૧

ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૦૮ તથા બે મોબાઇલ તથા એક ફોર વ્હીલ ગાડી મળી કુલ્લે રૂપિયા-૧,૩૧,૮૪૫/- ના મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી ઝોન-૧

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબનાઓએ ઝોન-૧ પોલીસ સ્ટેશન વિસ્તારમા દારૂ/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે એલ.સી.બી ઝોન-૧ પો.સબ.ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા તથા મ.સ.ઇ જીવણભાઇ મેઘજીભાઇ બ.નં- ૭૫૫૦ તથા મ.સ.ઇ રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા અ.હેડ.કોન્સ મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કો દિપકકુમાર ઇશ્વરભાઇ બ.ન ૬૨૮૬ તથા પો.કોન્સ વિપુલસિંહ પીરાજી બ.નં- ૫૧૮૩ તથા અ.પો.કોન્સ પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ તથા પો.કોન્સ મહિપતસિંહ નરસિંહભાઇ બ.ન-૧૦૨૧૨ નાઓ પ્રોહી જુગાર કેસો શોધવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ દિપકકુમાર ઇશ્વરભાઇ બ.ન ૬૨૮૬ નાઓને બાતમી આધારે આરોપી કેશવલાલ પંચાલ ઉવ-૩૪ ધંધો-દલાલ રહે- મ.નં-૭ આવકાર સોસાયટી પાંજરાપોળ પાસે કલોલ તા-કલોલ જી-ગાંધીનગરનાઓના કબ્જાની રેનોલ્ટ કંપનીની કવીડ મોડલની ફોર વ્હીલ ગાડી જેનો રજી નં- GJ-18-BE-7838 માંથી વગર પાસ પરમીટે ગેર કાયદેસર ભારતીય બનાવટની વિદેશી દારૂની કાચની શીલબંધ બોટલ નંગ-૦૮ જેની કિમત રૂ-૮,૮૧૫/- તથા અંગ ઝડતીના રોકડા રૂ-૭,૦૩૦/- તથા બે મોબાઇલ જેની કિમત- રૂ-૧૬,૦૦૦/- તથા એક રેનોલ્ટ કંપનીની કવીડ મોડલની ફોર વ્હીલ ગાડી જેનો રજી નં- GJ-18-BE-7838 જેની કિમત રૂ-૧,૦૦,૦૦૦/- ની મતાની ગણી શકાય જે કુલ્લે કિમત રૂ-૧,૩૧,૮૪૫/- મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે કરી નારણપુરા પોલીસ સ્ટેશન પાર્ટ- "સી" ગુ ૨ નં. ૧૧૧૯૧૦૩૪૨૧૧૫૧૮ ધી પ્રોહિ.એક્ટ. કલમ ૬૫(એ)(એ),૧૧૬(બી),૯૮(૨),૮૧,મુજબથી ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૭૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૪૨ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૭૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૯૭૩/૨૦૨૧**

ઓઢવઃ રાજુરામ કાનારામ માળી (રહે. ગોકુલનગર જડેશ્વર મહાદેવની બાજુમાં આદિનાથનગર ઓઢવ) એ તા.૨૮/૧૦/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગે પોતાના રહેણાંકની સોસાયટી બહાર પોતાની મહિન્દ્રા સુપ્રો એન્ડ ટ્રક નંબર જીજે ૨૭ ટીટી ૭૬૩૬ કિમત રૂપિયા ૫,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ રાજુરામ માળીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

પાંચમાં માળેથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૭૪/૨૦૨૧**

રામોલઃ નાથુરામ છોટાઈસિંગ વાઘેલા (ઉ.વ.૪૯) (રહે. સ્મૃતિ વિહાર સોસાયટી સ્વામિનારાયણ મંદીર પાસે ઘોડાસર) તા.૧૭/૧૦/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ સુર્યગ્રીમ ચાર રસ્તા આર.ટી.ઓ ધરતી સ્ટેટસ ખાતે પાંચમાં માળે કલર કામ કરતા હતા ત્યારે અકસ્માતે નીચે પડી જતાં ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૭૫/૨૦૨૧**

કૃષ્ણનગરઃ બાબુભાઇ કચરાભાઇ (ઉ.વ.૫૦) (રહે. નિલદિપ રેસિડેન્સી પ્રભાકર ટેર્નામેન્ટ પાસે સૈજપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર મણીલાલ ચલાવે છે.

નરોડાઃ નાથાભાઇ વશરામભાઇ રાઠોડ (ઉ.વ.૭૧) (રહે. રાજમંદિર એપાર્ટમેન્ટ અનિલ શો રૂમ સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૦/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૮/૧૦/૨૦૨૧ કલાક ૪/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

રામોલઃ લલીતભાઇ ખુશાલભાઇ પટેલ (ઉ.વ.૫૩) (રહે. રાધેપાર્ક સોસાયટી આર.ટી.ઓ સામે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૦/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના ભાગે લોખંડના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.